## (૩) ટ્રેક નં. ૧૮ : આત્મા સ્વ અને પર પ્રકાશક છે તે વિષે

✿ મને તો લાગે છે કે આત્મા પરને જ જાણે. ના. ના. મને તો લાગે છે કે આત્મા સ્વને જ જાણે. અરે! અરે! તમે વાદવિવાદ ન કરો. કરી લો સમાધાન પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી પાસે જઈને.

✿ મંગલાચરણ :

✿ ભક્તિ : હો. જો કુછ ઝલકતા જ્ઞાનમેં, વહ જ્ઞેય નહીં બસ જ્ઞાન હૈ,
નહીં જ્ઞેયકૃત કિંચિત્ મલિનતા, સહજ સ્વચ્છ સુજ્ઞાન હૈ (૨)

✿ જાણનાર, જાણનાર. જેની ભૂમિકાના તળમાં જાણવું ભર્યું છે. એ પરને જાણે છે એ વખતે પણ પર્યાય તો પોતાની જ જાણે છે. એ જાણનાર -જેનો સ્વભાવ છે. 'જાણવું'-પ્રજ્ઞા સ્વરૂપ એવું જેનું સ્વરૂપ છે એ આત્મા.

✿ જ્ઞાન-દર્શન સ્વભાવ–ત્રિકાળ લોકાલોકને જાણે એવો તે તારો જ્ઞાનસ્વભાવ છે. લોકાલોકને એક સમયમાં જાણે-દેખે એવો તો દર્શન સ્વભાવ છે. સ્વભાવ હોં! અને પરને જાણવાનું એ કાંઈ તું નથી કરતો. પરને જાણવાની જે પર્યાય છે એ તો તારી છે એ પર્યાયમાં આખો આત્મા જણાય. જાણવાની ઈચ્છા હોય તો ત્યાં જા ને!

✿ આત્મા અપના જ્ઞાનકા જ્ઞાન કરે ઔર જ્ઞાન બીજા ગુણકા અને પર્યાયકા જ્ઞાન કરે એ નિશ્ચય હૈ એમ કહે છે. આત્મા શરીર, વાણી(માં), લોકાલોકને જાણતા કહેના એ તો અસદ્‌ભૂત વ્યવહાર હૈ. પરમેં તન્મય નહીં હોતા માટે તે અસદ્‌ભૂત હૈ.

✿ જ્ઞાનની પર્યાયમાં રાગ આવ્યો તેનું જ્ઞાન પોતે જ્ઞાનની પર્યાયથી જ્ઞાનનો સ્વપરપ્રકાશ સ્વભાવ હોવાથી તે જ્ઞાનનું ઝલક (છે). રાગની ઝલક અહીં આવી એમ કહેવામાં આવે છે. બાકી તો રાગ સંબંધીનું જ્ઞાન પોતાથી પોતાને પ્રગટ્યું છે. રાગ એના જ્ઞાનમાં એ જણાવાલાયક છે. પણ એ જ્ઞાન નથી. જેની જ્ઞાનની પર્યાય વર્તમાન છે એ પર્યાય ત્રિકાળીને જાણે છે. આ બાજુ જુઓ તો ત્રિકાળીને જાણે છે અને આ બાજુ જુઓ તો રાગ આદિ થાય તેને જાણે છે. કારણ કે એ તો જાણનારો-જાણનારો. જાણવાનું કાર્ય કરે છે. એ જ્ઞાયક પ્રભુ છે. અંદર જોતા જ્ઞાયક સ્વરૂપને પર્યાય જાણે. બહાર જોતા રાગનું જ્ઞાન થાય તેને તે જાણે.

✿ પ્રતિબિંબ એટલે એ ચીજ આહીં આવતી નથી. જેવું ત્યાં રાગ છે તેવું ત્યાં જ્ઞાન રાગની સત્તાની અપેક્ષા રાખ્યા વિના પોતાની તે વખતની પર્યાય સ્વપરપ્રકાશના સામર્થ્યવાળી હોવાથી પોતે પોતાની ઝલકમાં રાગને જાણે એમ કહેવું એ વ્યવહાર છે.

✿ રાગ જણાય છે. એ પણ જ્ઞાનના વિકાસની શક્તિ જ એવી બતાવે છે કે તે પોતાથી સ્વ-પરને જાણવાની પર્યાયપણે પરિણમે છે. એમાં એ રાગ જણાય છે એમ કહેવું એ વ્યવહાર છે.

✿ જે દૃષ્ટિ નિર્મળ સમ્યક્દૃષ્ટિ ચૈતન્યમૂર્તિ-એ ઉપર જો દૃષ્ટિ હોય તો ત્યાં પ્રશસ્ત રાગ આદિ દિખે વહી સમય પર્યાયમેં નિર્મળતા નહીં હોગી. નિર્મળતા ઉસમેં ભરી હુઈ હૈ. રાગ આદિ પર્યાયકે કાળમેં વોહી સમય નિર્મળતા ભરી હૈ. નિર્મળતાસે જાનનેમેં નિર્મળતા આતી હૈ ઔર નિર્મળતામેં રાગ હૈ વો પ્રતિબિંબરૂપ જાનનેમેં આતા હૈ.

✿ પુણ્ય અને પાપકા ભાવ વિભાવભાવ હોતા હૈ પર્યાયમેં. વોહી સમય આત્મા તો નિર્મળાનંદ હૈ. નિર્મળ આનંદ અને નિર્મળજ્ઞાનસે અપનેકો જાનતે હૈ અને ઉસકો જાનતે હૈ કે આ પરચીજ હૈ. પર્યાયમેં જબ વિકાર હોતા હૈ તબ ઉસ સમય દ્રવ્ય તો નિર્મળ ભરા હી હૈ. વસ્તુ હૈ વો તો વિકારમય હોતી નહીં. નિર્મળાનંદ પ્રભુ અપનેકો નિર્મળ જાનતે હૈ ઔર રાગકો ભી નિર્મળતામેં 'આ હૈ' ઐસા જાનતે હૈ. આ વસ્તુકી મર્યાદા અને સ્થિતિ હૈ.

✿ પરમ સત્ય નિર્મળાનંદ પ્રભુ! જીસમેં રાગ પર્યાયમેં દિખતે હૈ ઉસકો ભી જાનનેવાલા અપની શક્તિસે રાગ હૈ તો ઉસકો જાનતા હૈ કે રાગકે અસ્તિત્વસે રાગકા જ્ઞાન હોતા હૈ ઐસા નહીં. અપના નિર્મળ સ્વભાવકે કારણસે અપના અસ્તિત્વમેં અપની સ્વપરપ્રકાશક શક્તિકી નિર્મળતાકે કારણમેં રાગ જાનનેમેં આતા હૈ. (અજ્ઞાની) ચેતનકી નિર્મળતાકો ન દેખકર વિભાવમેં તન્મય હો જાતા હૈ. ધર્મી જીવકો નિર્મળતાકા ભાન હૈ તો રાગ આતા હૈ ઉસમેં તન્મય નહીં હોતા—વો તો અપની જ્ઞાનકી પર્યાયકા સ્વપરપ્રકાશક સામર્થ્યસે વ્યવહાર રત્નત્રયકા રાગ આતા હૈ ઉસકો. રાગકો છૂએ બિના જાનતે હૈ. રાગકો છૂએ બિના જાનતા હૈ. આ (અજ્ઞાની) રાગમેં તન્મય હો જાતા હૈ.

✿ પોતે પ્રભુ તો જ્ઞાયક. જાણક સ્વભાવથી પૂર્ણ ભરેલો છે. એને જે રાગ આદિ થાય છે તે તો જ્ઞાયક જીવના પરજ્ઞેય છે. પર જ્ઞેય છે. સ્વજ્ઞેય તો જ્ઞાયક છે.

✿ એક-એક ગુણમાં અનંત ગુણનું સાર્થકરૂપ અને એક-એક ગુણની અનંતી પર્યાય. એક-એક ગુણની એક પર્યાય અનંતા પર દ્રવ્ય ને, અનંતા પોતાના ગુણને જાણવાની તાકાતવાળી પર્યાય, પણ એ પર્યાય જે છે એ જાણે છે પરને એ પર્યાયને પર્યાય જાણે છે. એ પર્યાય પરને જાણે છે એમ કહેવું વ્યવહાર છે. પર્યાય પર્યાયને જાણે છે તે નિશ્ચય છે.

✿ જ્ઞાનની જે પર્યાય છે એ તો સ્વદ્રવ્યને જાણે જ છે કેમકે પર્યાય-જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. તે પર્યાયનો સ્વભાવ છે. તે સ્વપરપ્રકાશકવાળી પર્યાય સ્વને જાણે જ છે.

✿ જેને વર્તમાન જ્ઞાનની હૈયાતી પરના જાણવાના કાળમાં પણ પોતાની જાણવાની પર્યાયની પ્રતીતિ છે તે અસ્તિ છે. પર અસ્તિ છે એમ નહીં ત્યાં. પરનું હોવાપણાનું જ્ઞાન થયું તે જ્ઞાનનું હોવાપણું છે. એ જ્ઞાનનું હોવાપણું વર્તમાન-એ કાયમી ચીજને જણાવે છે કે 'હું વર્તમાન પૂરતું નથી'. જ્ઞાનની પર્યાય પલટતી પલટતી પણ વર્તમાન પૂરતી અનિત્ય નથી. એ નિત્યને બતાવે છે. આ નિત્ય વસ્તુ છે એનો આ અંશ છે. ધ્રુવ ચીજ છે તેનો આ અંશ છે. એ અંશ ધ્રુવને બતાવે છે.

✿ એ અમૃત સ્વરૂપ ભગવાન! એનું-જ્ઞાયકનું ભાન થયું, તો કહે છે કે કષાયભાવ આવે પણ તે પરજ્ઞેય તરીકે આવે. સ્વજ્ઞેય તરીકે તો જ્ઞાયકભાવ છે. કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ હોવાથી વર્તમાન જ્ઞાનની પર્યાય જેણે જ્ઞેય-જ્ઞાન વસ્તુને જ્ઞેય બતાવી અને વસ્તુને જ્ઞેય-નિમિત્તને બતાવી જ્ઞાન કર્યું એ પર્યાય સ્વપરપ્રકાશક થઈ એટલે કે સ્વ ને પણ જાણે અને પર્યાયમાં અશુદ્ધતા આવે-રાગ આદિ એને જાણે. કારણ કે જાણનાર સ્વભાવ છે એ જાણ્યા વિના કરે શું?

✿ 'જાનના' એ કોઈ ઉપાધિ નથી. 'જાનના' તો અપના સ્વભાવ હૈ અને એ પરકો જાનતે નહીં. ખરેખર તો અપની પર્યાયકો જાનતે હૈ. અપની પર્યાયકા સ્વપરપ્રકાશક સામર્થ્ય હૈ યે પ્રગટ હુઆ ઉસકો જાનતે હૈ. 'લોકાલોકને જાનતે હૈ' ઐસા કહના એ અસદ્ભૂત વ્યવહારનયસે કથન

હૈ. ઉસમેં તન્મય નહીં. પરને જાનનેમેં તન્મય હોકર નહીં જાનતે અને અપની પર્યાય હૈ ઉસકા જ્ઞાન અને અપના (દ્રવ્યકા) જ્ઞાન તન્મય હોકર જાનતે હૈ.

✿ જાણવાની પર્યાય એવી જ એને પ્રગટે કે જે પ્રકારનો રાગ છે તેને જાણતું જ્ઞાન પોતાથી પ્રગટે. જ્ઞાયકભાવ છે એમાંથી જ્ઞાનની પર્યાય આવે અને તેથી સ્વ અને પરને જાણવાની પર્યાય ત્યાં થાય.

✿ એ રાગને જાણવાની તો ખરેખર પોતાને જાણવાની ચીજ છે. કેમકે પર્યાયમાં સ્વ દ્રવ્ય જણાય છે અને પર્યાયમાં સ્વપરપ્રકાશક સ્વભાવને કારણે રાગ જણાય છે એ રાગ જણાતો નથી પણ પોતાની સ્વપરપ્રકાશક પર્યાય જણાય છે. એ સ્વપરપ્રકાશક પર્યાય પણ જ્ઞાયકભાવમાં નથી.

✿ અહીં તો રાગનો-શુભ-દયા-દાનનો વિકલ્પ ઊઠે એ પણ પરજ્ઞેય તરીકે આત્માની ભૂમિકામાં. જાણનાર તે જાણવાનું કામ કરે. રાગનું કામ કરે નહીં ને રાગને પોતાનો માને નહીં.

✿ આ શરીર અને રાગ જણાય છે એ ખરેખર જણાતા નથી. ખરેખર તો જ્ઞાનની પર્યાય ત્યાં જણાય છે. એલી ચીજ તો દૂર રહી ગઈ. એ સંબંધી જ્ઞાનની પર્યાયની સત્તા છે તે જણાય છે.

✿ અંતર જોવાનું. જ્યાં 'જોનારો' છે એને જોતાં-જાણનારને જાણતા-દેખનારને દેખતા—જેની સત્તામાં હોવાપણામાં લોકાલોક જણાય છે એ સત્તા જ્ઞાન છે અને લોકાલોક જણાય છે એ પણ નહીં. એમાં જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ જણાય છે. જો જ્ઞાન ન હોય તો 'આ છે, આ છે' (એમ) જાણ્યું કોણે? એટલે પરને જાણવામાં પણ જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ એ પોતાનું છે.

✿ જેના હોવાપણામાં-પ્રભુના હોવાપણામાં આ બધું જણાય છે. એ બધું જણાય છે એમ કહેવું એ વ્યવહાર છે. એ સંબંધીનું જ્ઞાન જે પોતાનું છે તે પ્રકાશે છે.

✿ ચૈતન્ય ચૈતન્યમાં રહેલ છે. ચૈતન્ય પ્રકાશની ચીજમાં ગયું નથી કે એને પ્રકાશે.

✿ એક સમયની પર્યાય જ્ઞાનની-એક ગુણની એક પર્યાય-પ્રભુ એ પર્યાયનો સ્વભાવ જ સ્વપરપ્રકાશક છે ને! તેથી તે પર્યાય સ્વને જાણે છે અને પ્રકાશે છે.

✿ જેનું જાણવું જ મુખ્ય છે. એ પરને જાણતા પણ જાણે છે તેની સત્તામાં પોતામાં. તેની સત્તાની પ્રસિદ્ધિ છે. એ પરની પ્રસિદ્ધિ નથી અને વર્તમાનની જાણવાની પ્રસિદ્ધિ પરની પ્રસિદ્ધિ નથી. પણ એ જાણનાર(ની) પ્રસિદ્ધિ વર્તમાન પૂરતી નથી.

✿ એ અપના જાનન-જ્ઞાન સ્વરૂપ જે હૈ એ પરકો જાણે એ ઉપાધિ નહીં. પરકો કરના અને પરસે મેરેમેં હોના એ મિથ્યાત્વકી ઉપાધિ હૈ. પણ પરપદાર્થકો જાણના એ ઉપાધિ નહીં હૈ. એ તો તેરા સ્વભાવ હૈ. યે મેરા જ્ઞાન સ્વભાવ હૈ—જૈસે અપનેકો જાણે ઐસે પરકો જાનના. પરકો જાને એ તો સ્વપરપ્રકાશકકા અપના સ્વભાવ હૈ.

✿ જેમ પથ્થર નહીં ચમકતે હૈ. સોના ચમકતે હૈ. ઐસા જ્ઞાન ચૈતન્ય ચમકતે હૈ. અપનેકો જાણે ઐસા ચૈતન્ય ચમત્કાર હૈ ઔર ચમત્કારકા અર્થ ઐસા હૈ-એક સમયમેં લોકાલોકકો સ્પર્શે બિના જાને ઐસા ચૈતન્ય ચમત્કાર તુમ હૈ. લોકાલોકકો જાનના ઐસા કહેના યે તો અસદ્ભૂત વ્યવહાર નય હૈ. જિસમેં તન્મય નહીં હોતા ઉસકો જાનતે યે તો અસદ્ભૂતનય વ્યવહારનય હૈ પણ અપની પર્યાયમેં લોકાલોક સંબંધી જ્ઞાન અપના જ્ઞાન હૈ યે અપની પર્યાયકો-જ્ઞાનકો જાનતે હૈ ઐસી ચૈતન્ય ચમકતી ચીજ પ્રભુ હૈ ને! જ્ઞાનકી ચમત્કારો ચારો ઓર ફૈલ રહી હૈ. જ્ઞાન, જ્ઞાનકો જાણે, જ્ઞાન રાગકો જાણે, જ્ઞાન શરીરકો જાણે. જ્ઞાન લોકાકાશકો જાણે, જ્ઞાન છ દ્રવ્યકો જાણે, જ્ઞાનકી ચમક બિના સોનેકી ચમક કાહેમેં જ્ઞાત હોગી. સોનુ હૈ લોહામેં એ ચમક કૌન જાનતે હૈ? લોહા જાનતે હૈ? સોના જાનતે હૈ? ઉસકી ચમક તો જ્ઞાન જાનતે હૈ. ઐસે ભગવાન-પ્રજ્ઞા બ્રહ્મ સ્વરૂપ પ્રભુ-'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતે વચન ભેદ ભ્રમ ભારી, જ્ઞેય શક્તિ દ્વિવિધા પ્રકાશી, સ્વરૂપા પરરૂપા ભાસી', પણ પરકો તો મૈં દેખનેવાલા હૂં. દ્વિવિધા કોઈ પરકો તો કરનેવાલા અને પર હૈ તો મૈં પરકો પ્રકાશતા હૂં ઐસા હી નહીં. મેરી શક્તિ હી સ્વપરપ્રકાશક હૈ, ઐસી હૈ. આહા!

✿ સ્વપરપ્રકાશક આત્મા હૈ તો સ્વ અને પરકો જૈસે હૈ ઐસે જાન સકતે હૈ, જ્ઞાની વ્યવહારમેં સો ગયા હૈ ઔર નિશ્ચયમેં જાગતે હૈ. ઔર અજ્ઞાની વ્યવહારમેં જાગતે હૈ ઔર નિશ્ચયમેં સો ગયા હૈ. અજ્ઞાની સ્વભાવમેં

સોતા હૈ ઈસલિયે સ્વભાવકા ભાન નહીં. રાગમેં સોતા હૈ, એકાકાર. જ્ઞાની સ્વભાવમેં જાગૃત હૈ, રાગસે સો ગયા હૈ. રાગકો નાશ કર દિયા હૈ. રાગ આતા હૈ ઉસકો જ્ઞાની જ્ઞાતા તરીકે જાનતે હૈ. એ તો જ્ઞાનકી પર્યાયકા સ્વપરપ્રકાશ હોનેસે સ્વકા જ્ઞાન ભી જ્ઞાન કરતે હૈ ઔર પરકા જ્ઞાન અપની શક્તિસે (કરતે હૈ) પરકો જાનના કહેના એ વ્યવહાર હૈ ઉસ સમયમેં પરકે જાનનેકી શક્તિ અપનેસે સ્વપરપ્રકાશક ઉત્પન્ન હોતા હૈ ઉસકો વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કહેનેમેં આતા હૈ.

✿ વીતરાગી સમ્યક્ ચૈતન્યકે અવલંબનસે જો જ્ઞાન હુઆ એ વીતરાગી જ્ઞાન સ્વપરપ્રકાશક અપનેસે હુઆ હૈ—રાગ હૈ તો હુઆ હૈ ઉસકો જાનનેકા, ઐસા નહીં. ક્યોંકિ ઉસમેં અસ્તિત્વ-સત્ લક્ષણ પરિણામ સ્વરૂપ ભગવાન આત્મા હૈ. ઉસકા પરિચય કિયા તો ઉસકી પર્યાયમેં વીતરાગતા ઉત્પન્ન હોતી હૈ. વીતરાગકા જ્ઞાન ભી વીતરાગ હી ઉત્પન્ન હુઆ. સમ્યક્દર્શન ભી વીતરાગી પર્યાય હુઈ. તો એ વીતરાગી જ્ઞાનમાં રાગ આયા દિખે, પણ વો રાગ ભી વીતરાગી પર્યાય જાણતી હૈ એમ કહેના એ ભી વ્યવહાર હૈ. વીતરાગી પર્યાય વીતરાગી પર્યાયકો જાનતી હૈ.

✿ અપના સ્વરૂપ 'જ્ઞાન-જાનના' એ મેરા સ્વરૂપ હૈ ઉસમેં રાગકા કર્તૃત્વ તો આતા નહીં. ક્યોંકિ ઉસમેં કોઈ ઐસા ગુણ નહીં કે વિકારકો કરે, અનંતગુણ હૈ, અનંત અનંત અનંત અમાપ ગુણ હૈ. પણ એસા એકપણ ગુણ નહીં કે રાગકો કરે. ઐસા ગુણ હૈ.

✿ ભગવાન જ્ઞાયક-જ્ઞાન મુખ્ય—એ જ્ઞાન મુખ્ય-ક્યોંકિ સ્વપરપ્રકાશક સ્વભાવ હૈ. અસાધારણ જ્ઞાન સ્વભાવ હૈ અને બધાને જાણે એવી એની તાકાત છે. બધા છે માટે જાણે એમેય નહીં. એની તાકાત જ-સ્વપરપ્રકાશકનું સામર્થ્ય આટલું છે. એ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. પર્યાયનો હોં! તો એ સ્વપરપ્રકાકાશકમાં સ્વને પ્રકાશતો નથી અને પરને એકલાને પ્રકાશે છે? આ રાગ છે અને આ પુણ્ય છે અને શરીર છે, બાયડી છે, છ દ્રવ્ય છે. એ તો પરપ્રકાશ થયું. ભગવાન પોતાના સ્વભાવમાં રહી અને પરને અડ્યા વિના ભલે પરની અસ્તિત્વતા છે માટે પરને જાણે છે એમ નથી. એના સ્વપર પ્રકાશના

સામર્થ્યથી પરને જાણે છે. એનું અસ્તિત્વ છે પરમાણુનું. માટે આ જાણે છે એમેય નહીં. એ તો જ્ઞાનની શક્તિ અને પર્યાયની શક્તિ એટલી છે. સ્વતઃસિદ્ધ છે. પરને લઈને સિદ્ધ નથી. એને પરમાં પ્રવેશ કર્યા વિના પરને જાણવાનો સ્વપરપ્રકાશક (સ્વભાવ) પોતાના ક્ષેત્રમાં રહીને જાણવાની તાકાત છે. આટલું બધું જાણતા અને શ્રમ પડે એમ નથી. કહે છે. એ તો એનો સ્વભાવ જ એવો જ છે. એટલે વિકલ્પ થાય તો આ જાણે એમ નથી. તે નિર્વિકલ્પ દશાથી એ જાણે છે.—શ્રમ પડ્યા વિના- એમ કહે છે.

✿ ભગવાન-જ્ઞાન સ્વરૂપ પ્રભુ! પોતાના ક્ષેત્રમાં રહ્યો થકો પરના ક્ષેત્રને અડ્યા વિના. પરના-દ્રવ્યને અને પરના ભાવને અડ્યા વિના પોતાના ક્ષેત્રમાં રહીને જાણે. સ્વ-પરને જાણવાની તાકાતવાળો ભગવાન આત્મા છે. પરનું કાંઈ કરી શકે નહીં પણ પરનું પરપણે જાણ્યા વિના રહે નહીં.

✿ જ્ઞાનની શક્તિ પોતામાં રહીને પોતાના સામર્થ્યથી પોતાની પર્યાયમાં સ્વપરનું જાણવું કરે એવું તેનું સ્વરૂપ છે. એને સ્વપર જાણવામાં પરની અપેક્ષા નથી. એવો જેનો સ્વ-પર જાણવાનો સ્વભાવનો નિરપેક્ષ સ્વભાવભાવ છે પ્રભુ! આવું જેને બેસે એને સુખબુદ્ધિ ઉડી જાય. વિષયમાં, સંસારમાં સુખબુદ્ધિ ઉડી જાય એની. રહે ભલે આશક્તિ. આશક્તિનો ત્યાગ ભલે ન હોય-અસ્થિરતાનો-પણ સુખબુદ્ધિ ઉડી જાય.

✿ જેને સ્વઆત્માનું પ્રતીતિ અને જ્ઞાન થયું સમ્યક્ત્વમાં. એને પર વસ્તુ જ્ઞેય તરીકે છે. કેમકે આત્માનો પ્રમાણ સ્વભાવ છે તેથી સ્વપરપ્રકાશક તરીકે પરને જ્ઞેય તરીકે જાણે. પણ પર મારો દુશ્મન છે અને આ મારો સ્વજન છે. એવું કઈ જ્ઞેયમાં નથી તેથી જ્ઞાનમાં પણ નથી. જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. સ્વને માનવું અને પરને માનવું એટલે જાણવું. પણ પરમાં 'આ મારા ને તારા' એવું જ્ઞાનના સ્વભાવમાં નથી. અને સામી ચીજ પડી (તેમાં) 'મારા-તારા'નો ભેદ નથી. જ્ઞેય તરીકે છે.

✿ (શ્રોતા—શ્રીમદ્ તો પ્રતિકૂળતાને પરમ મિત્ર કહે છે) એ તો કઈ અપેક્ષાએ? એ તો જ્ઞેય તરીકે છે, મારે જોઈતું નથી એ અપેક્ષાએ મિત્ર એ વ્હાલો છે એમ નથી ત્યાં. આ તો જે શરીર છે એ પરજ્ઞેય તરીકે છે અને 'મારે મારું છે' એ છે નહીં તો એ જીવ આવીને લઈ જાય તો એ

મિત્ર મારો. મારી શ્રદ્ધામાં છે તેવું એણે જ્ઞાન કર્યું, 'પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો, એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ, સિંહ સંયોગ જો, અડોલ આસનને'– એ તો શરીર અડોલ રહ્યું છે 'ને મનમાં નહીં ક્ષોભતા'. આહા! વાઘ આવ્યો ને આમ પકડવાને માટે અને ક્ષોભ થયો એમ નથી. જ્ઞાન સ્વરૂપ તો જાણે છે. ભાઈ! આત્મા જ્ઞાનસ્વરૂપ છે એનું જેને પ્રાપ્ત ભાન થયું એ જ્ઞાન તો જાણે છે. એ બે ભાગ પાડતું નથી કે સિંહ મને પ્રતિકૂળ છે અને સગાવહાલા મારી સેવાચાકરી કરે માટે અનુકૂળ છે.

✿ આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે એનો સ્વપરપ્રકાશક સ્વભાવની (પર્યાયનો) જન્મક્ષણ છે તે કાળે તે પરને જાણે છે તેમ કહેવામાં આવે છે. ખરેખર તો એ પોતપોતાની પર્યાયને જાણે છે.

✿ આમ સંકેલી લેવી દૃષ્ટિને. 'હું જ્ઞાયક છું' એટલે જાણનારો છું એટલે પર્યાયવાળો છું એમ નહીં. ત્રિકાળ. એ તો આવે છે ને! જ્ઞાયક છે માટે. એમકે પરને જાણે છે એવી એમાં પ્રસિદ્ધિ છે એમ નથી. એ તો પોતાની પર્યાયને જાણે છે એ (પણ) વ્યવહાર છે.

✿ ભગવાન આત્માનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. તેથી સ્વપ્રકાશક ભગવાન આત્માના અસ્તિત્વનો અનુભવ થયો, ઓળખાણ થઈ, પ્રતીતિ થઈ અને અંશે લીનતા થઈ, ત્યારે તે જ્ઞાન સ્વપરપ્રકાશક હોવાથી પર જ્ઞેયને જાણવા તરીકે જાણે પણ તેમાં પર જ્ઞેયને–'આ ઠીક નથી અને અઠીક નથી' એવું એમાં નથી.

✿ જ્ઞાતા પોતે, જ્ઞાન પોતે અને જ્ઞેય પોતે, પરજ્ઞેય નહીં. પર જ્ઞેય પરમાં ગયા. પરજ્ઞેય સંબંધીનું પોતાનું પોતામાં જ્ઞાન થયું તે પોતાનું જ્ઞેય થયું.

✿ જ્ઞાનીને, ધર્મીજીવને-જેને જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિનો અનુભવ થયો છે તેને તો મુખ્ય રાખી આત્માને ક્રિયા થાય તેને જોયા કરે. ખરેખર તો રાગાદિ આવે. એ કાળે તો પણ જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશક ઉત્પન્ન થવાની છે તે થશે. રાગને જાણે છે ને? રાગને જાણવાનો અર્થ આ છે. જ્ઞાનની પર્યાયમાં રાગ વખતે પણ સ્વપરપ્રકાશક જ્ઞાનનો પર્યાય પરિણમે છે. એમાં રાગ જણાય છે એમ નથી. ખરેખર તો સ્વપરપ્રકાશક પર્યાય જણાય છે. (પ્રમાણ વચન ગુરુદેવ)